ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૩ ટકા

# શિયાળામાં લીલા શાકભાજીની બોલબાલા

### શાકમાર્કેટમાં લીલી ડુંગળી, લસણ, મેથી, પાલખ, તાદળજો, મુળા સહિત સવાની ભાજીની સવિશેષ ખરીદી થાય છે



ગાંધીનગર, તા.૧૮

શિયાળાની સિઝનમાં નાગરીકો સ્વાસ્થય પર સૌથી વિશેષ ધ્યાન આપે છે. શિયાળામાં સવારે યોગ અને કસરત કરી શરીરને સ્ફુર્તિમય રાખે છે. જયારે શિયાળામાં ચાલવાવાળાની સંખ્યામાં પણ વધારો થઈ જાય છે.જયારે શિયાળામાં ખાધેલુ બારેમાસ ચાલે તેવી કહેવત છે. જેથી શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં નગરજનો વિવિધ વસાણા આરોગે છે. તેની સાથે સાથે લીલા શાકભાજી અને વિવિધ પ્રકારની ભાજી નગરજનો મોટા પ્રમાણમાં ખરીદી કરે છે. શિયાળઆની સિઝનમાં લીલા શાકભાજી આરોગવાથી શરીર માટે લાભદાયી સાબિત થાય છે. શાકમાર્કેટમાં મળતી વિવિધ ભાજીમાંથી જરુરી વિટામીન અને પ્રોટીન મળી રહે છે.શહેરના સેકટર-૨૧, ૨૪ અને સે-૭ ના શાકમાર્કેટમાં શાકભાજીની સાથે ભાજીના ભાવ પણ સામાન્ય રહેવા પામ્યા છે. જેમાં પાલખ, મેથી, તાંદળજો, મુળા અને સવાની ભાજી રૂ. ૧૦માં એક જુડીનું વેપાર વેપારીઓ કરી રહ્યા છે. જયારે લીલી ડુંગળી અને લીલા લસણનો ભાવ ૩ જુડીના રૂ.૨૦ છે. જયારે હાલ શિયાળામાં શાકભાજીના ભાવમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. દરેક શાકભાજી રૂ.૩૦ થી રૂ.૪૦ ના ભાવે કિલોના વેચાણ થાય છે. શિયાળામાં શાકભાજીની સાથે આદુ, લસણ, મરચા, લીંબુ, હળદર, અને બીટની પણ બોલબાલા છે. ગાંધીનગર જિલ્લામાં શિયાળામાં શાકભાજીનું ઉત્પાદન થતા ભાવમાં કડાકો નોંધાય છે. નગરમાં શાકભાજીની માંગ કરતા વધુ શાકભાજી ઠલવાય છે. શિયાળામાં શાકભાજીનું મબલખ ઉત્પાદન થતા ભાવ તળીયે બેસે છે. ચોમાસામાં તેમજ ઉનાળામાં ભાવમાં વધઘટ હોય છે. ઉલ્લેખનીય છે કે ચોમાસામાં માણસા તાલુકાના કુકરવાડા અને ઉબખલ ગામના ૪૦ થી વધુ વેપારીઓ બસમાં સવારે પાંચ વાગે ગાંધીનગરમાં આવે છે. ત્યાંથી તેઓની પેંડલ રીક્ષામાં સવાની ભાજી, તાંદળજો, મુળા, મેથી, મેથી, લીંબુ મરચા, આદુ, લીલી ડુંગળી અને લસણ સહિતનો જથ્થો લઈ આવે છે અને ચારમાસ સુધી શહેરના વિવિધ સેકટરોમાં ફરીને વેપાર કરે છે.

# સરદાર પટેલ સેવાદળ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે બપોરના સુમારે સરદાર પટેલ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ તેમજ મોટીસંખ્યામાં કાર્યકરો સાથે આવી પહોંચ્યા હતા. તેઓ અમદાવાદ ગાંધી આશ્રમથી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સુધી રેલી સ્વરુપે આવ્યા હતા. જયારે પાટીદાર સમાજના છ જેટલા મુદ્દાઓને લઈ તેઓએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. જેમાં પાટીદારોને અનામતમ આપો, શહિદોને ન્યાય આપો, દમનકારીઓ ને સજા, આંદોલનકારીઓ પરના બાકી રહેલા કેસ પાછા ખેંચો પાટીદાર સમાજનો સર્વે કરવામાં આવે અને બિન અનામત આયોગના શરતોમાં લોક ઉપયોગી થાય એવા સુધારા કરી તાત્કાલીક લાભ મળે તેવું કરવામાં આવે તે સહિતની રજુઆત કરાઈ છે.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજે બપોરના સુમારે અમદાવાદથી ગાંધીનગર આવી પહોંચેલા સરદાર પટેલ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલે જણાવ્યું હતું કે ત્રણ રાજયોની ચુંટણીમાં ભાજપ પક્ષને ભયંકર પરિણામ ભોગવવું પડ્યું છે. આગામી લોકસભાની ચુંટણીમાં પણ તેની અસર પડશે અને ભયંકર પરિણામ આવશે. સરકાર જયાં સુધી પ્રજાના અને સમાજના પ્રશ્નોનું નિરાકરણ નહી લાવે ત્યાં સુધી પરિણામ વિપરીત જ આવશે. જયારે પાટીદાર સમાજના ૬ જેટલા પ્રશ્નોનું સત્વરે નિરાકરણ નહીં આવે તો જસદણમાં પણ પરિણામ જોરદાર આવશે. છેલ્લા સાજા ત્રણ વર્ષ થી પાટીદાર સમાજ બંધારણીય રીતે અનામતની માંગ કરી રહ્યો છે. તે માંગને લઈ સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. અને સમાજ સરકારની દમનકારી નિતી તેમજ ઓરમાયા વર્તનનો ભોગ બન્યો છે. ત્યારે સરદાર પટેલ સેવાદળ દ્વારા આપવામાં આવેલા મુદ્દા અંગે સરકાર ત્વરીત નિર્ણય લઈ સમાજને ન્યાય મળે તે માટે ગાંધીનગર જિલ્લા કલેકટરને લેખિત રજુઆત એસપીજી દ્વારા કરાઈ છે. આ પ્રસંગે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોટીસંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.




### શુક્રવારે ભવાઈનો ભવ્ય કાર્યક્રમ યોજાશે

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી આનર્ત પ્રદેશ તથા ભવાઈના જનક સેવા સિધ્ધપુરના પુજય સ્વ. અસાઈત ઠાકરની સ્મૃતિમાં શ્રી ખોડિયાર આઈ ભવાઈ મંડળ મેઉ દ્વારા તા. ૨૧મી ડીસેમ્બરના રોજ રાત્રે સાડા આઠ કલાકે ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભવાઈનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

જેમાં અધ્યક્ષપદે ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ પંકજભાઈ ભટ્ટ, કેશુભાઈ પટેલ પુર્વ પ્રમુખ મહેસાણા-જિલ્લા ભાજપ, કટાર લેખક દોલત ભટ્ટ ઉદઘાટન કરશે.

મુખ્ય મહેમાન પદે એસ.એ. પટેલ, આઈ.એ.એસ. કમિશનરશ્રી યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર તેમજ જે.એમ. ભટ્ટ સભ્ય સચિવ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ઉપસ્થિત રહેશે. જયારે અતિથિવિશેષ તરીકે મંગલસિંહ ઝાલા-ડીરેકટર સંગીત નાટક અકાદમી-ગાંધીનગર, ડૉ. હસમુખ નાયક-પ્રમુખ નાયક ભોજક સમાજ-ગાંધીનગર, બચુભાઈ આર. નાયક-પ્રમુખ નાયક ભોજક કે. મંડળ મહેસાણા તથા બચુભાઈ એસ. નાયક-પ્રમુખ વ્યવસાયી રંગભૂમિ ઉપસ્થિત રહેશે.

# 'પીધેલા' વાહનચાલકોને પકડવા એક મહિના માટે પોલીસની ખાસ ઝુંબેશ

### થર્ટી ફર્સ્ટ ડીસેમ્બર અને ઉત્તરાયણ દરમિયાન દારૂ ધૂમ પીવાતો હોવાથી જીવલેણ અકસ્માતો વધે છે : તકેદારી માટે રાજ્યના પોલીસ વડાએ એક મહિનાની ઝૂંબેશ જાહેર કરી : બ્રેથ એનાલાઈઝરથી પીધેલા વાહનચાલકોને પકડી કાયદેસરની કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૧૮

૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણી તેમજ ઉત્તરાયણના તહેવારો દરમિયાન દારૂ ધૂમ પીવાતો હોવાથી દારૂ ઢીંચીને ફરતા વાહનચાલકો અન્ય નિર્દોષ રાહદારીઓ માટે જોખમી સાબિત થતા હોય છે. રાજ્યના પોલીસ વડાએ આ બાબતની ગંભીર નોંધ લઈને તકેદારીના ભાગરૂપે એક મહિના સુધીની ખાસ ઝુંબેશનું આયોજન કર્યુ છે. તમામ જિલ્લાના પોલીસ અધિક્ષકને દારૂ પીને ફરતા વાહનચાલકોને બ્રેથ એનાલાઈઝરની મદદથી પકડી પાડવા માટે ઝુંબેશ હાથ ધરવા સૂચના આપી દેવામાં આવી છે. ૧૫મી જાન્યુઆરી સુધી આ ઝુંબેશ ચાલશે. એટલું જ નહીં દરેક જિલ્લા પોલીસ અધિક્ષકને સૂચના આપવામાં આવી છે કે તેમણે કરેલી આ ઝુંબેશ દરમિયાનની કામગીરીનો અઠવાડીક રીપોર્ટ દર સોમવારે ડીજીપી કચેરીએ મોકલી આપવાનું રહેશે.

રાજ્યના પોલીસ વડાએ




થર્ટી ફર્સ્ટ ડીસેમ્બર અને મકરસક્રાંતિના તહેવારોને ધ્યાને રાખીને આ તહેવારો દરમિયાન વધતા દારૂના સેવનના બનાવોને અટકાવવા અને દારૂ ઢીંચીને ફરતા વાહનચાલકોને પકડવા ખાસ ઝુંબેશ રાખી છે. થર્ટી ફર્સ્ટ ડીસેમ્બર સહિતના આ તહેવારોમાં દારૂના સેવનનું પ્રમાણ બમણું થઈ જતું હોવાથી આ પ્રકારના દારૂના સેવન કરીને નશાની હાલતમાં વાહન ચલાવવાને કારણે માર્ગ અકસ્માતની સંખ્યા પણ બમણી થઈ જતી હોય છે. જેને પગલે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ ભોગ બનતા હોય છે. આ બાબતને ગંભીરતાથી લઈને રાજ્યના પોલીસ વડાએ એક મહિનાની ખાસ ઝુંબેશનું આયોજન કર્યુ છે. ૧૬ ડિસેમ્બર થી ૧૫ જાન્યુઆરી સુધી નશો કરીને વાહન ચલાવતા વાહનચાલકોને બ્રેથ એનેલાઈઝરના ઉપયોગ કરી આવા વાહન ચાલકોને પકડીને તેમની સામે સખત કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લા સહિત તમામ જિલ્લાના પોલીસ અધિક્ષકને આ બાબતે કડક કાર્યવાહી કરી દર અઠવાડિયે સોમવારે કામગીરીનું રિપોર્ટ ડીજીપી કચેરીએ મોકલવા પણ આદેશ કરવામાં આવ્યા છે.

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સ્નેહમિલન યોજાયું




ગાંધીનગર, તા.૧૮

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા જ્ઞાતિના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજ દ્વારા તૈયાર કરાયેલ જ્ઞાતિની તૃતીય આવૃત્તિ ડીરેકટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ન્યાયાધીશ શૈલેષ ઓઝાએ મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું.

જ્ઞાતિજનોના સંતાનોને શૈક્ષણિક ઉપલબ્ધિ માટે ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના જ બાળકો, યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીમાળી બ્રાહ્મણ સમાજના પ્રમુખ વિપિનભાઈ ઓઝા અને મંત્રી પ્રશાંતભાઈ ઓઝાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાતિજનો તથા કારોબારી સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

# વાઈબ્રન્ટ સમિટ પહેલા શહેરમાં વધુ પાંચ ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવાશે

### જીલ્લા પંચાયત, ચ-૫ સર્કલ અને ઘ-૨ સર્કલ સહિત પાંચ નવા લોકેશન પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત થઈ જશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિકનું ભારણ વધતું જઈ રહ્યું છે ત્યારે હવે ટ્રાફિક નિયમન ખૂબ જ જરૂરી બની ગયું છે. બપોરના સમય સિવાય ખાસ કરીને સવારે અને સાંજે ઓફિસ અવર્સ દરમિયાન પાટનગરમાં ટ્રાફિકની સમસ્યા શિરદર્દ સમાન બની રહી છે. ટ્રાફિકની જટિલ બની રહેલી સ્થિતિને નિયંત્રિત કરવા માટે પાટનગરમાં અલગ-અલગ લોકેશન પર ટ્રાફિક સિગ્નલ બનાવવાની કાર્યવાહી ચાલી રહી છે. હાલ શહેરમાં ત્રણ સ્થળોએ ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવામાં આવ્યા છે ત્યારે વાઈબ્રન્ટ સમિટ પહેલા વધુ પાંચ સ્થળોએ ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવામાં આવે તેવી તંત્રની તૈયારીઓ છે.

શહેરમાં ટ્રાફિકની વકરી રહેલી સ્થિતિને કાબૂમાં લાવી ખૂબ જ જરૂરી બની ગઈ છે. પરંતુ તે બાબત શકય નથી એટલે ટ્રાફિકનું નિયમન કરાવવુ અનિવાર્ય બની ગયું છે. પોલીસ દ્વારા ગાંધીનગર શહેરમાં ૪૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાવીને ઈ-મેમો મારફતે દંડ કરી ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવામાં આવી રહ્યું છે. તેની સાથોસાથ ટ્રાફિકના ભારણથી અસરગ્રસ્ત શહેરના કેટલાક સર્કલો ઉપર ટ્રાફિક સિગ્નલ લગાવવાની કામગીરી પણ પોલીસ દ્વારા હાથ ધરી દેવામાં આવી છે. તાજેતરમાં જ એક મહિના પહેલા ગાંધીનગર પોલીસ દ્વારા ત્રણ મુખ્ય સર્કલો ઉપર ટ્રાફિક સિગ્નલ શરૂ કરી દેવામાં આવ્યા હતા. તે ઉપરાંત હજુ ઘણા લોકેશન ઉપર ટ્રાફિક સિગ્નલ લગાડવાની કામગીરી ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટ શરૂ થાય તે પહેલાં જ શહેરમાં વધુ પાંચ સર્કલો ઉપર ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરી દેવા વિચારણા ચાલી રહી છે અને તે માટે જોરશોરથી કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના ટ્રાફિકથી અસરગ્રસ્ત એવા વધુ પાંચ સર્કલો ઉપર ટ્રાફિક સિગ્નલ શરૂ કરવામાં આવવાના છે તેમાં જિલ્લા પંચાયત ઉપરાંત ચ-૫, ઘ-૨, શાહપુર સર્કલ તથા ઈન્ફોસિટી સર્કલનો સમાવેશ થશે. નોંધનીય બાબત એ છે કે આ સર્કલો પર ટ્રાફિક સિગ્નલ કાર્યરત થઈ જશે ત્યાર બાદ સિગ્નલનો ભંગ કરનાર વાહન ચાલકને પણ ઈ-મેમો ફટકારવામાં આવશે.

### ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની કાર્યવાહક સમિતિની તાકીદની ખાસ બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તા. ૨૦ ડિસેમ્બરને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ સેકટર-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અમૃત મહોત્સવ ૨૦૧૮ કાર્યક્રમનો પ્રાથમિક યાદીના ચકાસણી પત્રકનું વિતરણ, સંસ્થાના માસિક પેન્શનર સહયોગ ચાલુ રાખવા અંગે અને નવીન ડિરેકટરી વિતરણ અંગેની પ્રગતિ સમીક્ષા કરવામાં આવનાર છે.તો સંસ્થાના પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોએ અચુક હાજર રહ્યા સંસ્થાના મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

### ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની કાર્યવાહક સમિતિની બેઠક ગુરુવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૨૦ ડિસેમ્બરને ગુરુવારના રોજ સાંજના ૪.૩૦ કલાકે પ્લોટ નં. ૬૦૯-૨ સિધ્ધાર્થ પાર્ક સેકટર-૮ પી.ડી. સોલંકીના નિવાસસ્થાને યોજાશે. તો કાર્યવાહક સમિતિના સર્વે સભ્યોને અચુક ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રીએ જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. લાલાભાઈ અમરતભાઈ દંતાણી, ઉ.વ. ૩૫
- સ્વ. ઠાકોર જીવાજી સોમાજી, ઉ.વ. ૫૫
- સ્વ. કનૈયાલાલ લાલાજી ઠાકોર, ઉ.વ. ૫૫

# સાવધાન...!! 'મોમો ચેલેન્જ' બાળકને ભરખે તે પહેલા ચેતી જજો...!!

### બ્લ્યુ વ્હેલ બાદ મોમો ચેલેન્જ બાળકોને આત્મહત્યા કરવા મજબૂર કરતી રમતનું જોખમ વધ્યું : શિક્ષણ તંત્ર દ્વારા વાલીઓને સાવચેત કરવાની કવાયત હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૮

સાવધાન..!! 'બ્લ્યુ વ્હેલ' તથા 'કીકી ચેલેન્જ' પછી હવે 'મોમો ચેલેન્જ' નામની ઓનલાઈન ગેમ બાળકો-યુવાનોને તેની જાળમાં ફસાવી આત્મહત્યા સુધી દોરી જઈ રહી છે. સોશ્યલ મિડીયા પર આ ગેમના વધતા જતા પ્રભાવથી કેન્દ્ર સરકાર ચોંકી ઉઠી છે અને રાજયના શિક્ષણ વિભાગને આ રમત પ્રત્યે વાલીઓને સાવચેત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે જે અંતર્ગત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા આ બાબતે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભારત સરકારના રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા 'મોમો ચેલેન્જ'ની ગંભીરતાને ધ્યાને લઈને રાજયોના શિક્ષણ તંત્રને વાકેફ કરવામાં આવ્યા છે. આ ગેમનો પહેલો ભોગ અજમેરની એક કિશોરી બની હતી ત્યાર બાદ ધીમે ધીમે આ ગેમ દેશના અન્ય ભાગોમાં પણ પ્રસરવા લાગી છે. મોમો ચેલેન્જ ગેમમાં ખેલાડીને 'મોમો' નામની વ્હોટસએપ પર અજાણ્યા સંપર્કો ઉમેરવા પ્રેરિત કરવામાં આવે છે અને એકવાર સંપર્ક ઉમેરવામાં આવે પછી આંખ મારતી 'મોમો' ભયાનક જાપાની ઢીંગલીની ઈમેજના સંપર્કમાં આવે છે. આ સાથે ગેમ નિયંત્રક દ્વારા ખેલાડીને શ્રેણીબધ્ધ પડકારો ઉપાડવા લલચાવવામાં આવે છે અને તે સાથે હિંસક ઈમેજીસ, ઓડિયોઝ અથવા વિડિયોઝથી પ્લેયરને ધમકી આપવામાં આવે છે. જો ખેલાડી ગેમ નિયંત્રકની સૂચનાનું પાલન ના કરે તો સોશ્યલ મિડીયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરી ખેલાડીને આત્મહત્યા કે આત્મઘાતી ઈજાઓ સુધી ઉકસાવવામાં આવે છે.

'મોમો ચેલેન્જ' ગેમ રમીને આત્મહત્યા કરતા બાળકોના કિસ્સા ભારતમાં નોંધાયા છે જેની પહેલી ભોગ અજમેરની એક કિશોરી બની હતી. આ કારણે ભારત સરકારની સૂચનાથી રાજયના શિક્ષણ વિભાગે શાળાના ભૂલકોને તથા વાલીઓને સાવચેત કરવા કવાયત હાથ ધરી છે.

### શું છે મોમો ચેલેન્જ??

'મોમો ચેલેન્જ' એ બ્લ્યુ વ્હેલ અને કીકી ચેલેન્જ જેવી ઓનલાઈન ગેમ છે જે ફેસબુક-વ્હોટસએપ જેવા સોશિયલ મિડીયા પર પ્રસરી રહી છે. આ રમતમાં ખેલાડીને શરૂઆતમાં અજાણ્યા સંપર્કો સાથે વાતચીત કરવાનો પડકાર ફેંકવામાં આવે છે અને પછી ધીમે ધીમે અવનવા પડકાર આપતા આપતા છેલ્લે આત્મહત્યા સુધી દોરી જવામાં આવે છે. આ ગેમમાં સામેલ થનાર જો વચ્ચેથી ગેમ છોડવાની વાત કે પ્રયાસ કરે તો ગેમ નિયંત્રક દ્વારા ધમકીઓ આપવામાં આવે છે. આ ગેમનો સૌથી વધુ ભોગ કિશોર વયના બાળકો બની રહ્યા છે.

### આ પ્રકારની રમતોનો ટાર્ગેટ ભારતીય યુવા પેઢી??

વિશ્વમાં પ્રચલિત બનેલી મોટા ભાગની ઓનલાઈન સુસાઈડ ગેમ્સનો ભોગ અત્યાર સુધીમાં ભારતીય બાળકો યુવાનો વધુ બન્યા હોવાનું ચર્ચાય છે. વિશ્વના વિકસિત દેશોને ચીન અને ભારતનો ઝડપી વિકાસ આંખના ખૂણાની જેમ ખૂંચી રહ્યો છે જેમાં ચીન કરતા ભારતમાં યુવાનોની સંખ્યા સૌથી વધુ છે તો ભારતીય યુવા પ્રતિભાને ગેરમાર્ગે દોરી બરબાદ કરવાનો આ પ્રયાસ તો નથી ને??

### મોમો ચેલેન્થી બાળકોને બચાવવા શું કરવું?

આ રમતનો સૌથી વધુ ભોગ હતાશા અને જલ્દી ક્રોધિત થતા બાળકો બની રહ્યા છે. જેમાં મોડી રાત્રિ સુધી મોબાઈલ વાપરતા બાળકોનો સમાવેશ થાય છે. બાળકોને કોઈ પણ અજાણ્યા સંપર્કો સાથે વાત કરવાની ના પાડો અને આવી ચેલેન્જ મળે તો તુરંત પોલીસનો સંપર્ક સાધો. આ સાથે બાળકોના સતત સંપર્કમાં રહો. તેમને એકલા બહુ ના પડવા દો.

